For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# વરસાદી માહોલમાં સાપુતારાની તમામ હોટલ ફુલ

**સાપુતારામાં** પ્રવાસીઓના ધાડા ઉમટી પડ્યા

**માલેગામ** ટોલબુથથી સાપુતારા ઘાટમાર્ગ પર વાહનોની કતારો લાગી, ટ્રાફિક જામ સર્જાયો

સાપુતારાઃ ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા ખાતે ઝરમરિયા વરસાદી માહોલમાં કુદરતી સૌંદર્યનો આસ્વાદ માણવા અસંખ્ય પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા. ત્યારે માલેગામ ટોલબુથથી સાપુતારા ઘાટમાર્ગમાં સમયાંતરે ટ્રાફિક જામનાં દ્રશ્યો સર્જાયા હતા. સાથે રવિવારે પ્રવાસીઓના ધસારાના પગલે સાપુતારાની તમામ હોટલો રેસ્ટોરન્ટ, રિસોર્ટ ખાતે હાઉસફુલનાં પાટિયા ઝૂલતા જોવા મળ્યા હતા. કુદરતી સૌંદર્ય માટે પ્રખ્યાત ડાંગ જિલ્લામાં વરસાદને કારણે વાતાવરણ આહલાદક બની ગયું છે. આ સુંદર દ્રશ્યો નિહાળવા માટે ગુજરાતભરમાંથી પ્રવાસીઓ સાપુતારા ખાતે મોટી સંખ્યામાં પહોંચ્યા હતા. સાપુતારા-માલેગામને જોડતા રાષ્ટ્રીય ધોરી માર્ગ સહિત સ્વાગત સર્કલ, ટેબલ પોઈન્ટ, બોટિંગ સહિતના સ્થળોએ પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળી હતી. રસ્તાઓ પર નાના-મોટા વાહનોની લાંબી કતારોને કારણે ઘણી જગ્યાએ ટ્રાફિક જામની સમસ્યા પણ સર્જાઈ હતી. પ્રવાસીઓએ સાપુતારામાં રોપવે અને વિવિધ એડવેન્ચર એક્ટિવિટીઝનો ભરપૂર આનંદ માણ્યો હતો. આ ઉપરાંત, ટેબલ પોઈન્ટ ખાતે ઘોડેસવારી, ઊંટ સવારી, બાયસિકલ સવારી અને બાઈક સવારીનો પણ પ્રવાસીઓએ આસ્વાદ લીધો હતો. વરસાદને કારણે સર્જાયેલા નયનરમ્ય અને આહલાદક કુદરતી દ્રશ્યો નિહાળીને પ્રવાસીઓએ આ સપ્તાહના અંતની મજા માણી હતી. ગિરિમથક સાપુતારા ખાતે વરસાદી માહોલ બાદ સમયાંતરે ગાઢ ધુમ્મસીયા વાતાવરણની સફેદ ચાદર ઓઢાઈ રહેતા જોવાલાયક સ્થળોનું વાતાવરણ આહલાદક બની જવા પામ્યું હતું. ગિરિમથક સાપુતારા ખાતે ધુમ્મસીયા વાતાવરણનાં કારણે વિઝીબિલિટી ઘટતા વાહનચાલકોને વાહનોની સિગ્નલ ચાલુ રાખી વાહનો હંકારવાની નોબત આવી હતી.



(તસવીર : ગીરીશ ભોયે)

### વરસાદ

| | |
|---|---|
| ખેરગામ તાલુકામાં | 2.7 ઈંચ |
| ગણદેવી તાલુકામાં | 1.7 ઈંચ |
| નવસારી તાલુકામાં | 1.4 ઈંચ |
| વલસાડ તાલુકામાં | 1.5 ઈંચ |
| પારડીમાં | 02 ઈંચ |
| કપરાડામાં | 4.6 ઈંચ, |
| ઉમરગામમાં | 02 ઈંચ |
| વાપીમાં | 1.4 ઈંચ |

### ઉપરવાસમાં પણ સામાન્ય વરસાદ ચાલુ, ઉકાઈમાં 800 ક્યુસેકનો ઈનફ્લો

ઉકાઈ ડેમના ઉપરવાસમાં પણ હથનુરમાં ૧૫ મીમી, ભુસાવલમાં ૧૨ મીમી, ખેતિયામાં ૧૪ મીમી, નરાણેમાં ૧૫ મીમી, નિઝરમાં ૧૧ મીમી,

અનુસંધાન પાના ૫ પર

## સુરતમાં મોડી રાત્રે એક કલાકમાં દોઢ ઈંચ વરસાદથી જળબંબાકાર

**અડાજણ,** પાલ, ગૌરવ પથ, પીપલોદ, ઘોડદોડ રોડ, ડુમસ રોડ, રાંદેર પર ઠેર ઠેર પાણી ભરાયાં

સુરતઃ રવિવારે આખો દિવસ ઘટાટોપ વાદળોની જમાવટ બાદ સુરતમાં મોડી રાતે ધોધમાર વરસાદ તૂટી પડ્યો, જેના કારણે શહેરના મોટાભાગના વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ. રાત્રે 9 વાગ્યાની આસપાસ શરૂ થયેલો જોરદાર વરસાદ મધરાતના 12 વાગ્યા સુધી ચાલુ રહ્યો હતો. ગાજવીજ અને ભારે પવન સાથેના આ વરસાદે શહેરના રસ્તાઓને નદીમાં ફેરવી દીધા, જ્યારે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં સ્થાનિકો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો. રવિવારે રાત્રે ફરવા નીકળેલા લોકો અટવાઈ ગયા, અને ઘણી જગ્યાએ વૃક્ષો તૂટી પડવાની ઘટનાઓ પણ નોંધાઈ.

જોરદાર વરસાદના પગલે ન્યુ સિટી લાઈટ રોડ, વીઆઈપી રોડ, ફુલપાડાપાલિકાની શાળા નજીક પાણીનું તળાવ ભરાયુ હતું. ઉપરાંત ઉતરાણ પોલીસ સ્ટેશન, વેડ રોડ, અડાજણ, પાલ, ગૌરવ પથ, પીપલોદ, ઘોડદોડ રોડ, ડુમસ રોડ, રાંદેર, મોરા ભાગળ વગેરેના રસ્તાઓ નદીમાં ફેરવાયા હતા. ફ્લડ કંટ્રોલ રૂમમાંથી મળતી માહીતી મુજબ 9 વાગ્યાથી 11 વાગ્યા દરમિયાન બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો જેમાં 10 વાગ્યાથી 11 વાગ્યા દરમિયાન એકે કલાકમાં દોઢ ઈંચ જેટલા વરસાદ પડયો હતો.

### સુરત જિલ્લાના ઉમરપાડામાં પોણા બે ઈંચ વરસાદ, સર્વત્ર મેઘસવારીથી ભીની ઠંડક

**સુરતઃ** દક્ષિણ ગુજરાતમાં આજથી આગામી પાંચ દિવસ માટે ભારે વરસાદની આગાહી વચ્ચે આજે સવારે જ મેઘરાજાએ સંકેત આપતા સુરત શહેર અને આસપાસના તમામ તાલુકાઓમાં વરસાદી માહોલ છવાઈ ગયો હતો. શહેરમાં ધમાકેદાર વરસાદની શરૂઆત થતાં ઠંડક પ્રસરી ગઈ હતી, સાથે જ અનેક તાલુકાઓમાં પણ સામાન્ય વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગ મુજબ આજે સવારથી વરસાદી માહોલ જામ્યો હતો. સુરત જિલ્લાના અલગ-અલગ તાલુકાઓમાં વિવિધ સ્તરે વરસાદ નોંધાયો છે. સૌથી વધુ ઉમરપાડા તાલુકામાં ૪૫ મીમી વરસાદ નોંધાયો છે, જ્યારે માંગરોળમાં ૨૮ મીમી, કામરેજમાં ૩૦ મીમી, પલસાણા ખાતે ૧૮ મીમી, મહુવામાં ૧૪ મીમી અને બારડોલી અને સુરત શહેરમાં ૧૩-૧૩ મીમી વરસાદ નોંધાયો છે. ઓલપાડમાં ૨૪ મીમી અને માંડવીમાં ૫ મીમી વરસાદ થયો છે. ચોર્યાસી વિસ્તારમાં સૌથી ઓછો

અનુસંધાન પાના ૫ પર

### ભરૂચની નર્મદા નદીના ધસમસતા નીરમાં પ્રેમી યુગલ ફસાયું

**ભરૂચ :** ભરૂચ જિલ્લામાં હાલ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે, જેને કારણે કેટલીક નદીઓ છલકાઈ જતા એ જગ્યાએ લોકોને પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવ્યો છે. ત્યારે ભરૂચમાં એક ચિંતાજનક ઘટના જોવા મળી છે. નર્મદા નદીના બ્રિજ નીચે બેઠેલું એક પ્રેમી યુગલ પાણીના અચાનક વધેલા પ્રવાહમાં ફસાઈ ગયું હતું. જોકે, સ્થાનિક માછીમારો અને લોકોની સમયસૂચકતાથી તેમનો જીવ બચી ગયો હતો. ભરૂચમાં નર્મદા નદીના બ્રિજ નીચે એક પ્રેમી યુગલ બેઠું હતું. આસપાસની પરિસ્થિતિ એવી હતી કે નર્મદા નદીમાં પાણીનું સ્તર સતત વધી રહ્યું હતું. અચાનક નદીમાં પાણીનો પ્રવાહ એટલો વધી ગયો કે આ યુગલ પાણીની વચ્ચે આવેલા બ્રિજના પીલર પર જ ફસાઈ ગયું હતુ. સ્થાનિક લોકોએ યુગલને બહાર આવવા માટે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ નજરઅંદાજ કર્યો હતો. પરિસ્થિતિ વધુ ગંભીર બનતાં,

અનુસંધાન પાના ૫ પર

યુદ્ધ લાંબુ ચાલ્યું તો સુરતના કાપડ ઉદ્યોગમાં ફરી મંદી આવવાના ભણકારા

# ઈરાન-ઈઝરાયલ યુદ્ધમાં અમેરિકાની એન્ટ્રીથી કાપડ ઉદ્યોગની કમર તૂટી જશે

**પોલિએસ્ટર,** નાયલોન, વિસ્કોસ યાર્નના ભાવો કિલોએ સીધા 10 રૂપિયા વધી ગયા

**BRENT** ક્રૂડનો ભાવ 77.01 ડોલર થઈ જતા યાર્નના રો મટીરિયલ અને કાર્ગો શિપિંગ ચાર્જ વધતા યાર્નના ભાવો વધ્યા

સુરત : રશિયા અને યુક્રેન યુદ્ધની અસરમાંથી સુરતનો કાપડ ઉદ્યોગ માંડ બહાર આવ્યો ત્યાં ઈરાન - ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં ગઈકાલે અમેરિકાની એન્ટ્રીથી સુરતનો મેન મેડ ફાઈબર આધારિત કાપડ ઉદ્યોગ હચમચી ગયો છે. ઈરાન વિરુદ્ધ ઈઝરાયલ અને અમેરિકાના યુદ્ધની અસર સુરતના કાપડ ઉદ્યોગ પર વર્તાવાની શરૂ થઈ છે.

સુરતના અગ્રણી વિવર્સ સુરેશ પટેલ (ગબ્બર) એ જણાવ્યું હતું કે,

અનુસંધાન પાના ૫ પર

### ગ્રે કાપડમાં મીટરે ભાવ 1 થી 1.50 રૂપિયા વધી શકે છે : મયુર ગોળવાલા

સચિન ઇન્ડસ્ટ્રીયલ સોસાયટીના સેક્રેટરી અને વિવર્સ અગ્રણી મયુર ગોળવાલાએ જણાવ્યું હતું કે, ઈરાન - ઇઝરાયલ યુદ્ધમાં અમેરિકાની એન્ટ્રીથી સુરતના કાપડ ઉદ્યોગ પર અસર વર્તાવાની શરૂઆત થઈ ચૂકી છે, ટૂંકા સમયમાં યાર્નના ભાવો કિલોએ સીધા 10 રૂપિયા વધી ગયા છે. આ સ્થિતિમાં જોબવર્કનો ચાર્જ પણ વધી શકે છે. 15 ડોલર ક્રૂડના ભાવની અને યાર્નના વધેલા ભાવની ગણતરી મુજબ ગ્રે કાપડની કિંમત મીટરે 1 રૂપિયાથી 1.50 રૂપિયા વધી શકે છે. અત્યારે રક્ષાબંધનની સિઝન માટે સાડીની ખરીદી ચાલી રહી છે. એ જોતાં એક પોલિએસ્ટર સાડીની કિંમતમાં 06.50 રૂપિયાથી 10 રૂપિયા ભાવ વધી શકે છે.

### ઈરાન-ઇઝરાયલ યુદ્ધ લાંબુ ચાલ્યું તો સુરતના કાપડ ઉદ્યોગની કમર તૂટી જશે : મયુર ચેવલી

નાયલોન વિવર્સ એસોસિએશન સુરતના પ્રમુખ મયુર ચેવલીએ જણાવ્યું હતું કે, રશિયા અને યુક્રેન યુદ્ધની અસર કાપડના એક્સપોર્ટ પર વર્તાઈ છે. જો એ સ્થિતિમાં ઈરાન - ઇઝરાયલ યુદ્ધ લાંબુ ચાલ્યું તો સુરતના કાપડ ઉદ્યોગની કમ્મર તૂટી જશે, એમાં પણ અમેરિકા યુદ્ધમાં સીધું જોડાશે તો સ્થિતિ વધુ મુશ્કેલ બનશે. બાંગ્લાદેશમાં અસ્થિરતા અને ભારત પાકિસ્તાન યુદ્ધ સંઘર્ષ પછી થયેલા યુદ્ધ વિરામ વચ્ચે આ બે દેશો વચ્ચે વેપાર ઠપ છે. પશ્ચિમ બંગાળથી બાંગ્લાદેશની બોર્ડર થઈ માલ ઢાકા જઈ રહ્યો નથી. ભારતથી વાયા યુએઈ થઈ પાકિસ્તાન જતો માલ પણ અટકી ગયો છે. ભારતે અધિકૃત વેપાર સદંતર બંધ કરી દીધો છે. ઈરાન વિરુદ્ધ ઇઝરાયલ અને અમેરિકાનું યુદ્ધ વ્યાપક અસર કરશે. માત્ર ડોમેસ્ટિક માર્કેટ પર કાપડ ઉદ્યોગ ટકી શકે નહીં. ભારતથી કાપડના એક્સપોર્ટને વ્યાપક અસર થશે.

## ઈનડોર સ્ટેડિયમ પાછળ મોબાઈલ ટાવરમાં 50 ફૂટ ઊંચે આગ

સુરતઃ શહેરનાં અઠવા લાઈન્સ સ્થિત ઈન્ડોર સ્ટેડિયમની પાછળ રવિવારે સવારે મોબાઈલ કંપનીના એક ટાવરમાં આગ લાગતાં લોકોમાં ડરનો માહોલ સર્જાયો હતો.

ફાયર બ્રિગેડનાં સુત્રોનાં જણાવ્યા મુજબ, 40થી 50 ફૂટ ઊંચા ખાનગી મોબાઈલ કંપનીના ટાવરમાં આગ લાગવાને કારણે ટાવરમાંથી ધુમાડો નીકળતા લોકો મોટી સંખ્યામાં એકત્રિત થઈ ગયા હતા અને મોબાઈલ ટાવર નીચે પડી જશે એવા ડરથી લોકો ડરી ગયા હતા. ફાયર વિભાગને જાણ કરવામાં આવતા ફાયર વિભાગની ટીમે ઘટનાસ્થળ

અનુસંધાન પાના ૫ પર

## દસ વર્ષથી ભેગા કરેલા 45 હજારના જૂના સિક્કા એક જ દિવસમાં ચોરાયા

**ડિંડોલીમાં** રેલવે કર્મચારીના બંધ મકાનમાંથી તસ્કરોએ એક લાખની મતાની ચોરી કરી

સુરતઃ ડિંડોલી વિસ્તારના ઓમનગરમાં રહેતા રેલવે કર્મચારીના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના તથા છેલ્લાં દસ વર્ષથી ભેગાં કરેલ અંદાજીત એક કિલો વજનના ભારતીય ચલણના જૂના સિક્કાઓ સહિત આશરે રૂ. 1 લાખની ચોરી કરી નાસી છૂટ્યા હતા.

પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ શહેરના ડિંડોલી વિસ્તારના ઓમનગરમાં રહેતા રાજેશકુમાર ત્રિવેણીપ્રસાદ રેલવેમાં નોકરી કરી પરિવારનું ભરણપોષણ કરે છે. ગઈ તારીખ 19મી જૂને રાત્રે રાજેકુમાર પત્ની નીલુ સહિતના પરિવાર સાથે મકાન બંધ કરી કામ અર્થે બહાર ગયા હતા ત્યારે તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવી ઘરનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કરી તિજોરીનો નકુચો તોડી અંદરનાં લોકરનો નકુચો તોડી અંદર મૂકેલું

અનુસંધાન પાના ૫ પર

પવન અને સોલાર બંને ઊર્જાના સંકલનથી બનાવશે નવું મોડલ

# સુરતમાં પહેલીવાર અગાસી પર લાગશે પવન ચક્કી, DGVCLનો પાયલોટ પ્રોજેક્ટ ટૂંકમાં શરૂ થશે



પ્રતિકાત્મક તસવીર

**પવન** ચક્કીથી રાત્રે પણ વીજળીનું ઉત્પાદન થઇ શકશે

### પાયલોટ પ્રોજેક્ટનું GPRD કરશે એનાલિસિસ

પ્રોજેક્ટ અમલ પછી જીપીઆરડી (ગુજરાત પાવર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેલ) દ્વારા પવનની ગતિ, વીજ ઉત્પાદન, ચલાવવાની સ્પીડ જેવી વિવિધ વિગતોનું વિશ્લેષણ કરવામાં આવશે. આ જાણકારીના આધારે રાજ્યના અન્ય શહેરોમાં પણ આવું મોડલ લાગુ કરવાનો વિચાર કરવામાં આવશે.

### ભવિષ્ય માટે નવો ઊર્જા વિકલ્પ બની શકે

વિજળી બચત અને સ્વનિર્ભર ઊર્જા માટે આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ સાબિત થઇ શકે છે. ભાવિ દિવસોમાં ઘરેલુસ્તરે પણ લોકોને પોતાના ઘર પર પવન ચક્કી લગાવી ૨૪ કલાક વીજળી બનાવવાનો રસ્તો ખુલ્લો પડી શકે છે.

સુરતઃ ગુજરાત વિજળી વિભાગ દ્વારા નવીનતમ પહેલ રૂપે સુરત શહેરમાં આગામી ૧૫ દિવસમાં પહેલીવાર રહેણાંક ઈમારતની અગાસી પર પવન ચક્કી લગાવવાની તૈયારી કરાઈ છે. દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડની કોર્પોરેટ ઓફિસની અગાસી પર 'હોરિઝોન્ટલ એક્સિસ' પ્રકારની પવન ચક્કી સ્થાપિત કરવામાં આવશે, જે દિવસ તથા રાત્રિના સમયગાળા દરમિયાન સતત વીજળીનું ઉત્પાદન કરશે.

હાલમાં સોલાર પેનલ દ્વારા માત્ર દિવસ દરમિયાન વીજ ઉત્પાદન શક્ય છે. પરંતુ વરસાદી કે વાદળાળુ વાતાવરણ હોય ત્યારે સોલાર પેનલથી વીજળી બનાવવી મુશ્કેલ બની જાય છે. આવી સ્થિતિમાં સતત વીજ પુરવઠો માટે પવન ચક્કી અસરકારક વિકલ્પ બની શકે છે. નવી પવન ચક્કી ૯ મીટર ઊંચાઈ પર લગાવવામાં આવશે અને તેની ક્ષમતા ૩ કિલોવોટ હશે, જે દરરોજ અંદાજે ૧૬થી ૧૮ યુનિટ વીજળીનું ઉત્પાદન કરી શકશે. આ પાયલોટ પ્રોજેક્ટ માટે વિશેષ કંપની દ્વારા તૈયાર કરાવવામાં આવેલી પવન ચક્કીની અંદાજિત કિંમત રૂ. ૧૦થી ૧૨ લાખ વચ્ચે રહેશે. આ પ્રોજેક્ટ દરમિયાન પીજીવીસીએલ દ્વારા પોરબંદરમાં

અનુસંધાન પાના ૫ પર

# પાણીપુરી ખાધા બાદ સાત ઉલટી થતાં રત્નકલાકારનું મોત

**ડિંડોલીની** 7 વર્ષીય અને મોટાવરાછામાં 4 વર્ષીય બાળકીનાં તાવ અને ઊલટીથી મોત

સુરતઃ શહેરમાં ઊલટી, તાવની બીમારીને કારણે બે બાળકી સહિત ત્રણ લોકોનાં મોતના બનાવ નોંધાયા છે, જેમાં ડિંડોલી અને મોટા વરાછાની બાળકીનાં બેથી ત્રણ દિવસ તાવ આવ્યા બાદ મોત નીપયા હતા. જ્યારે સરથાણા ખાતે રહેતા યુવકનું ઊલટીની બીમારીમાં સપડાતા મોત નીપજ્યું હતું.

સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ ડિંડોલીના મહાવીર વિલામાં રહેતા પ્રકાશ પાટીલ હીરાના કારખાનામાં રત્નકલાકાર તરીકે કામ કરી પત્ની તેમજ સાત વર્ષીય પુત્રી વૈદિકાનું ભરણપોષણ કરે છે. વૈદિકાને બે-ત્રણ દિવસ પહેલા તાવ આવ્યો હતો. જેથી નજીકની ક્લિનિકમાંથી દવા લીધી હતી. શુક્રવારે વધુ તબિયત લથડતા ડિંડોલી ખરવાસા હેલ્થ સેન્ટરમાં લઈ ગયા હતા. જ્યાં દવા અને રિપોર્ટ કરાવ્યા હતા. બાદમાં શનિવારે સવારે વૈદિકાને અશક્તિ જેવું લાગ્યું હતું અને સાંજે પેટમાં દુઃખાવો ઉપડતા ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાઈ હતી, જ્યાં તેનું મોત નીપજ્યું હતું. વધુમાં જાણવા મળ્યું હતું કે વૈદિકાએ શુક્રવારે જ ધોરણ-1 માં અભ્યાસ કરવા માટે શાળામાં એડમિશન લીધું હતું. આ અંગે વધુ તપાસ ડિંડોલી પોલીસ કરી રહી છે.

બીજા બનાવમાં મૂળ ભાવનગરના વતની અને હાલ સરથાણા વ્રત ચોકની સામે ગોગા શેરીમાં રહેતા 21 વર્ષીય જયપાલ મુકેશભાઈ સોલંકી હીરાના કારખાનામાં રત્નકલાકાર તરીકે નોકરી કરતો હતો. 20મી જૂનની રાત્રે જયપાલે પાણીપુરી ખાધા બાદ તેને એકાએક છથી સાત ઊલટી થઈ હતી. શનિવારે વહેલી સવારે તે બેભાન થઈ ગયો હતો. જેથી તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ

અનુસંધાન પાના ૫ પર

# અમેરિકામાં 23 કરોડની ઠગાઈના ગુનામાં નવસારીના પટેલ યુવાન સહિત બે ગુજરાતીઓને સજા ફટકારાઈ

**ઓનલાઈન** ફિશિંગ પદ્ધતિઓનો ઉપયોગ કરીને 25 વૃદ્ધોને સરકારી કાર્યવાહીનો ડર બતાવી $26,94,156 પડાવ્યા હતા

નવસારીઃ ઓસ્ટિનની એક ફેડરલ કોર્ટે વૃદ્ધો સાથે હજારો ડોલરની છેતરપિંડી કરવા બદલ અમેરિકામાં અભ્યાસ કરતાં બે ભારતીય નાગરિકોને 63 મહિનાની જેલની સજા ફટકારી હતી. બે દોષિતો પૈકી એક નવસારીનો હોવાનું જાણવા મળે છે.


કોર્ટના દસ્તાવેજો અનુસાર, નવસારીના ગુજરાતના 20 વર્ષીય કિશન રાજેશકુમાર પટેલે જુલાઈ 2024 થી ઓગસ્ટ 2024 દરમિયાન વૃદ્ધ પીડિતો સાથે લાખો ડોલર રોકડ અને સોનાની છેતરપિંડી કરવા માટે સહઆરોપી ધ્રુવ માંગુકિયા અને અન્ય લોકો સાથે મળીને કાવતરું ઘડ્યું હતું.

આરોપીએ વિવિધ ઓનલાઈન ફિશિંગ પદ્ધતિઓનો ઉપયોગ કર્યો હતો અને યુએસ સરકારી અધિકારીઓનો ઢોંગ કર્યો હતો, જ્યારે કિશન પટેલે છેતરપિંડીથી પીડિતો પાસેથી રોકડ અને સોનું મેળવ્યું હતું, એક ભાગ સહ-કાવતરાખોરોને પહોંચાડ્યો હતો અને પોતાના ફાયદા માટે ટકાવારી રાખી હતી. તપાસમાં જાણવા મળ્યું છે કે આ કાવતરામાં ઓછામાં ઓછા 25 પીડિતો સાથે છેતરપિંડી કરવામાં આવી હતી. આ છેતરપિંડીમાં વૃદ્ધોએ ઓછામાં ઓછા $26,94,156 એટલે કે 23,32,68,136 રૂપિયા ગુમાવ્યા હતા.

24 ઓગસ્ટ 2024 ના રોજ ગ્રેનાઈટ શોલ્સ પોલીસ વિભાગ દ્વારા કિશન પટેલની ધરપકડ કરવામાં આવી હતી. એ સમયે કિશન પટેલ એક વૃદ્ધ પાસેથી 1,30,000 ડોલર પડાવી ગયો હતો. 29 ઓગષ્ટે તેને ફેડરલ કસ્ટડીમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા અને 18 માર્ચે તે બંનેને દોષિત ઠેરવ્યા હતા. યુએસ ડિસ્ટ્રિક્ટ જજ રોબર્ટ પિટમેન દ્વારા કિસન પટેલની સજા ફટકારવામાં આવી હતી.

અનુસંધાન પાના ૫ પર


હાર્દિક શ્રદ્ધાંજલિ




સૂર્યનું અસ્ત થવું નિત્ય ક્રમ છે, પરંતુ મધ્યાહને સૂર્યાસ્ત થવું દુઃખદાયી છે. મન અને આત્મા હજુ પણ માનવા તૈયાર નથી કે તમો અમારી વચ્ચે નથી. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લિ.
ડી. એમ. પટેલ
જગુભાઈ એફ. પટેલ
ભરતભાઈ શાહ
દર્શકભાઈ એસ. જાની
નિકુંજ આર. દેસાઈ
દિનેશભાઈ ડી. મિસ્ત્રી
રાજેન્દ્રસિંહ ડી. વાઘેલા

સ્વ. મનહરભાઈ જસરાજભાઈ શાહ
સ્વ.તા.૧૭/૦૬/૨૦૨૫

સુરતી મોઢ વણિક અવસાન-પ્રાર્થના સભા



સ્વ. પુષ્પાબેન ચંપકલાલ વાંકાવાળા
જન્મ તારીખ ૨૬/૧૦/૧૯૩૪
સ્વર્ગવાસ તારીખ ૨૨/૦૬/૨૦૨૫

દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી ગં. સ્વં. પુષ્પાબેન ચંપકલાલ વાંકાવાળાનું અવસાન રવિવાર તારીખ ૨૨/૦૬/૨૦૨૫ના રોજ થયેલ છે.
સદ્ગતના અત્માની ઉર્ધ્વગતિ અર્થેની પ્રાર્થના સભા સોમવાર તારીખ ૨૩/૦૬/૨૦૨૫ ના રોજ સવારે ૯.૩૦ કલાકે સુરતી મોઢ વણિકની વાડી, પાલ, સુરત ખાતે રાખવામાં આવેલ છે.

લિ. શોકાતુર,
સ્વ. ચંપકલાલ મનુભાઇ વાંકાવાળા
અજય ચંપકલાલ વાંકાવાળા (પુત્ર) જસ્મીના અજય વાંકાવાળા (પુત્રવધુ)
હુણાલી અજય વાંકાવાળા (પૌત્રી)
મનોજ નવીનચંદ્ર જગીવાલા (જમાઇ) ભાવના મનોજ જગીવાલા (પુત્રી)
કૃપાલ મનોજ મહેતા (દોહિત્ર) C.A. માનસી કૃપાલ મહેતા (દોહિત્રવધુ)
કિષ્વી કૃપાલ મહેતા
તથા સમસ્ત વાંકાવાળા પરિવાર
નિવાસ સ્થાન : એ-૨૦૨, રામેશ્વરમ રેસીડેન્સી, એલ.પી.સવાણી રોડ, સુરત મોબાઇલ નંબર ૯૮૨૫૯ ૫૪૩૪૫

जय भीक्षु श्री महावीराय नमः जय महाश्रमण
॥ तृतीय पुण्यतिथी पर श्रद्धांसुमन ॥



समाज की सोयी चेतना को जगाने वाला शिल्पकार
समाज के स्वाभिमान को जगाने वाला सूत्रधार
समाज के बिखरे पड़े अनमोल मोतियों को पिरोने वाले
विरात संकल्प शक्ति के सेवा मनीषी
स्व. श्री सुवालालजी बोल्या
की तृतीय पुण्यतिथि पर हम सादर वंदन करते है।
श्रद्धावनत : भँवरलाल, शांतिलाल, श्रवणकुमार, रमेश, कमलेश, अशोक, मुकेश, प्रफुल, मुकेश, महावीर, शांतादेवी जैन एवं समस्त बोल्या परिवार (खरनोटा - सूरत)
EVERSHINE MARBLE GROUP I VIVA FASHION I EVERSHINE CERAMIC

પ્રિય મિત્રને શ્રદ્ધાંજલિ



સ્વ. હર્ષુલ મહેશભાઈ દેસાઈ (સ્વ. તા. ૨૧/૦૬/૨૦૨૫)
પ્રિય મિત્ર...
તારી વિદાય આટલી અણધારી હશે તે કયાં ખબર હતી...
તને યાદ કરીને આંખ માંથી આંસુ રોકાતા નથી...
અમારા માટેની તારી લાગણી હું હવે કયાંથી મેળવીશ...
પરમ કૃપાળુ પરમાત્મા મારા પ્રિય મિત્રના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ અમારી સૌની પ્રાર્થના...
-:: શોકાતુર ::-
વૈશાલી હર્ષુલ દેસાઈ
નીરજ મિસ્ત્રી તૃપ્તિ મિસ્ત્રી પ્રેમલ વાંકાવાલા મીનળ વાંકાવાલા
રાજેશ મિસ્ત્રી નિમીષા મિસ્ત્રી પરેશ સારંગ હેનિતા સારંગ
પ્રકાશ ઉમરીગર ઘટા ઉમરીગર
વિપુલ ભગવાગર
ધર્મિત, જય, તનય, માલવ, કુંજ, અદ્વૈત, મોક્ષા, પૂર્વા, હીર, જીયા, ઉર્જા
તથા સમગ્ર G7 પરિવાર

આઠમી પુણ્યતિથીએ હાર્દિક શ્રધ્ધાંજલી



સાથે નથી પણ સાથે છો એવું લાગ્યા કરે.. કયારેક થયેલી વાતો કાનમાં ગુજ્યા કરે છે.
સમય પહેલા સુર્ય અસ્ત થયો, ક્ષણભરમાં અંધકાર છવાઈ ગયો.
રડી પડે છે આંખો અમારી, જોઈ તસ્વીર તમારી...
દરેક પ્રસંગે અપાવશે ખોટ તમારી...
જીવન એવું જીવી ગયા કે સૌ આપને યાદ કરશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી સૌની પ્રાર્થના..
સ્વ. હિતેષભાઈ મગનભાઈ દેસાઈ
...શોકાકુલ પરિવાર...
મગનભાઈ ચેલાભાઈ દેસાઈ
અગરબેન મગનભાઈ દેસાઈ દશરથભાઈ મગનભાઈ દેસાઈ
ગં.સ્વ. ગીતાબેન હિતેષભાઈ દેસાઈ રીનાબેન દશરથભાઈ દેસાઈ
મીર હિતેષભાઈ દેસાઈ હીદાન દશરથભાઈ દેસાઈ
કેના હિતેષભાઈ દેસાઈ વીરા દશરથભાઈ દેસાઈ
મીર એસોશિએટ્સ (સુરત)